આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આજનો પુરૂષાર્થ જ
આવતીકાલનું નશીબ છે
- પાલિ શિરર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૫૨ | ૪ માર્ચ, ૨૦૧૩, સોમવાર; મહા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર-અમદાવાદનું બસ ભાડું ત્રણ રૂપિયા વધ્યું

## પોઈંટની સેવામાં રૂ. ૪નો વધારો : શહેરની અંદરની મુસાફરી માટે ૨૦ ટકાનો ભાડા-વધારો ઓછામાં ઓછી ટિકિટનો દર ૬ રૂ.

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર-અમદાવાદ અને ગાંધીનગર-સરખેજ વચ્ચે બસભાડાના દરમાં ૧ થી ૩ રૂ. સુધીનો ભાડા-વધારો આજ મધરાતથી અમલી બન્યો છે.

એસ.ટી. નિગમ દ્વારા ગઈકાલે ૧૫ ટકા સુધીના ભાડા-વધારાની કરાયેલી જાહેરાત બાદ આજે મોડી સાંજે નવુ ભાડા-પત્રક ઉપલબ્ધ બન્યું છે. જેમાં શહેરમાં આંતરિક સેવાઓ પુરી પાડતી શહેરી બસસેવાના ભાડાના દરમાં ૨૦ ટકા સુધીનો ભાડા વધારો થયો છે. જે પહેલાં મિનિમમ ભાડુ રૂ. ૫ હતુ તે વધીને રૂ. ૬ કરવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે શહેરી બસ સેવામાં ૧૦ કિ.મી. સુધીની મુસાફરી માટે રૂ. ૧ નો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે ૧૧ થી ૨૬ કિ.મી. સુધીની મુસાફરી માટે રૂ. ૨ નો વધારો કરવામાં આવ્યો છે. અને ૨૭ થી ૪૦ કિ.મી. સુધી રૂ. ૩નો વધારો કરવામાં આવ્યો છે.

પથિકાશ્રમથી ગીતામંદિરનું ભાડુ રૂ. ૨૪ નિયત કરાયું છે. સામાન્યતઃ જોઈએ તો સરખેજ રૂટ પર જ્યાં રૂ. ૧૭ ભાડુ હતુ તે વધીને રૂ. ૨૦ થયું છે આમ દરેક ભાડામાં રૂ.૩નો વધારો થયો છે.

પોઈંટ બસ સેવાનું સંચાલન જે સચિવાલય માટે થાય છે તેમને રૂ.૩ના ભાડા-વધારા ઉપરાંત વધારાનો બે રૂ. એમ મળી રૂ. ૫ ભાડા-વધારા પેટે ચુકવવાનાં રહેશે.

નિગમના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પોઈંટ સર્વિસીઝ માટે રૂ. ૨ જે વધારે વસુલવામાં આવતો હતો તે યથાવત રાખવામાં આવ્યો હોઈ હવે આ સેવાનો લાભ મેળવવા મુસાફરોને ૩ ને બદલે ૫ વધુ ચુકવવા પડશે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે શહેરી બસ સેવાનું સંચાલન એસ.ટી. નિગમ જ કરી રહ્યું છે. જો કે શહેરી બસસેવાના સંચાલનમાં નિગમને ખોટ વધુ જઈ રહી હોવાનું નિગમના સૂત્રોએ જણાવ્યું છે.

# સોનાની થાળીમાં લોટાની મેખ



રળિયામણા અને હરિયાળા ગાંધીનગરને ગંદકી શરમ અનુભવાવે છે : વિધાનસભા સચિવાલયનો ઓછાયો-પડછાયો પડે છે તેવા સેક્ટર-૧૧ની ગંદકી આ બાકીના વિસ્તારો માટે ચિંતિત બનાવે છે

ગાંધીનગર, તા. ૩

તસ્વીરો જોઈને એવું વિચારતા હોવ કે આ તસ્વીર શહેરની આસપાસના વિસ્તારની કે કોઈ છેવાડાના સેક્ટરની હશે તો તે સાવ ખોટુ છે. આ તસ્વીરો સચિવાલયનો જ્યાં પડછાયો પડે છે તેવા સેક્ટર-૧૧ના વાણિજ્ય કોમ્પલેક્ષ વિસ્તારની છે. અહીંની બહુમાળી ઈમારતોની ઓફિસોમાં ભલે કરોડોનો વ્યાપાર ચાલતો હોય પરંતુ અહીં આવતા મુલાકાતીઓને તો નાક પર રૂમાલ જ રાખીને આવવું જવું પડે છે.

ગાંધીનગરની સ્થાપના થયે દાયકાઓનો સમય વિતી ગયો પરંતુ શહેરની અમુક સમસ્યાઓ ઠેરની ઠેર છે. આ સમસ્યાઓ ઉકેલવા અનેક પ્રયોગ કરાયા, લાખોનો ખર્ચ કરાયો પરંતુ સમસ્યા ઉકેલાવવાને બદલે વધુને વધુ ગુંચવાતી ગઈ છે. આ સમસ્યાઓ પૈકીની એક સમસ્યા છે સફાઈની. સાફ સફાઈની વ્યવસ્થા અગાઉ નોટીફાઈડ વિસ્તાર પાસે હતી હવે મનપા પાસે છે. પરંતુ શહેરમાં હજુ સુધી યોગ્ય સફાઈ વ્યવસ્થા ગોઠવી શકાઈ નથી. ગંદકી અને કચરાના ઢગ શોધવા બહુ દૂર જવું પડે તેમ નથી. પહોળા અને સીધા રસ્તાઓ ભલે ચોખ્ખા કરી દેવાતા હોય પરંતુ જેમ મેકઅપની પાછળ કરચલીઓને લાંબો સમય છુપાવી શકાતી નથી તેમ ગંદકી અને કચરા જરા ચીવટભરી નજર કરો ત્યાં દેખાઈ આવે છે. જ્યાંથી આખા ગુજરાતને સ્વચ્છ અને નિર્મળ ગુજરાત બનાવવાની ફાઈલો ચાલે છે, યોજનાઓ જાહેર થાય છે તે નવા સચિવાલય અને વિધાનસભાની સાવ નજીક આવેલા સેક્ટર-૧૧ના વાણિજ્યિક અને શોપીંગ કોમ્પલેક્ષની એકવાર મુલાકાત લો તો સમજાઈ જશે કે અહીં ખરેખર સફાઈની વાતો કાગળ પર જ છે. સેક્ટર-૧૧માં ચ-૩ સર્કલની નજીક આવેલા ખાનગી બહુમાળી ઈમારતોમાં મલ્ટીપ્લેક્સથી લઈને ઈલેક્ટ્રોનિક્સ-મોબાઈલની ઘણી દુકાનો છે. અનેક ખાનગી કંપનીની ઓફિસો અહીં આવેલી છે. કરોડોનો અહીંથી કારોબાર થાય છે પરંતુ સ્વચ્છતાના નામે અહીં મીડું છે. મનપા આ જવાબદારી બિલ્ડીંગોના મેન્ટેનન્સ કમિટિ પર ઢોળે છે. બિલ્ડીંગોની આંતરીક

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યની મહેસૂલી આવકમાં વિસ્ફોટ એક લાખ કરોડ કરતાં પણ વધી જશે

## આગામી ત્રણ વર્ષમાં જાહેરદેવું પણ વધીને બે લાખ કરોડ થવાની ધારણા પાંચ વર્ષમાં બમણી આવકનો વિક્રમ,ચાલુ વર્ષે આવક ૯૮ હજાર કરોડ

(ગૌતમ પુરોહિત)

ગાંધીનગર,તા.૩

ગુજરાત સરકારની આવકમાં વિક્રમી વધારો થતો જાય છે. ૨૦૧૩-૧૪ના અંદાજ પ્રમાણે સરકારની આવક ૧.૧૧ લાખ કરોડ જેટલી થશે, જેમાં મહેસૂલી અને મૂડી આવકનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારની આર્થિક સદ્ધરતાનું મુખ્ય કારણ વેટ અને વિવિધ પ્રકારના વેરા માનવામાં આવે છે. પેટ્રોલ-ડિઝલમાં તો ભાવ વધે એટલે સરકારને વેરામાં વધારો મળે છે. ૨૦૦૭-૦૮ની કુલ આવક ૪૪૬૦૯.૪૨ કરોડ હતી તે પાંચ વર્ષમાં વધીને ૨૦૧૧-૧૨માં ૯૮૧૨૨.૫૩ કરોડ થઈ છે.

ચાલુ વર્ષના અંતે સરકારને મહેસૂલી આવક પેટે ૭૫૭૯૦.૭૫ કરોડ અને મૂડી આવક પેટે ૨૨૩૩૧.૭૮ કરોડ પ્રાપ્ત થવાની ધારણા છે. ૨૦૧૩-૧૪માં સરકારને ૮૫૭૫૨.૦૪ કરોડ મહેસૂલી

● અનુસંધાન પાન-૭ પર

# મનપા દ્વારા પ્રથમવાર હેલ્થ સર્વે કરાશે

## પ્રથમ તબક્કામાં સ્લમ વિસ્તાર અને ત્યારબાદ સેકટરોમાં સર્વે કરાશે : ૫૦ સીબીએચવી બહેનોને સર્વેની જવાબદારી સોંપાઈ; તાલિમ પણ અપાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરનો હેલ્થ ચાર્ટ તૈયાર કરવા માટે હેલ્થ સર્વેની મહત્વની કામગીરીનો આજથી આરંભ થઈ રહ્યો છે.

મહાનગરપાલિકાની ૫૦ જેટલી મહિલા કર્મચારીઓ દ્વારા આ હેલ્થ સર્વેની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. જેમાં પ્રથમ તબક્કામાં શહેરના સ્લમ વિસ્તારમાં રહેતા પરિવારોના સર્વે કરવામાં આવશે અને ત્યારબાદ વિવિધ સેકટરોમાં આ કામગીરી હાથ ધરવામાં આવશે.

એક એક કર્મચારીને ૨૫-૨૫ મકાન ફાળવી અને આ કામગીરી હાથ ધરવામાં આવી રહી હોવાનું કોર્પોરેશનના સૂત્રોએ જણાવ્યું છે.

૨૦થી પણ વધુ પ્રશ્નો પુછી આ હેલ્થ સર્વે દ્વારા શહેરજનોના સ્વાસ્થ્ય અંગેની વિગતો એકત્ર કરાશે અને ત્યારબાદ તેનું બે થી ત્રણ સ્ટેજમાં વેરીફીકેશન કરી આ બધી જ વિગતોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવશે.

કોર્પોરેશનના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ હેલ્થ સર્વેમાં પરિવારની તમામ આરોગ્ય વિષયક વિગતો ઉપલબ્ધ બનતાં આરોગ્ય

● અનુસંધાન પાન-૭ પર




